# સે. ૧૩-બીમાં પાણીની નવી પાઈપલાઈનના કાર્યમાં મંથર ગતિથી સ્થાનિકોમાં રોષ

ગાંધીનગર તા.૧૫

ગાંધીનગર શહેર વિસ્તારમાં ઘણા સમયથી પાણી નવી પાઈપલાઈન નાખવાનું કાર્ય ચાલી રહ્યું છે. જોકે હજી ઘણા વિસ્તારોમાં આ કાર્ય મંથર ગતિએ ચાલી રહ્યું હોવાની રાવ ઉઠવા પામી રહી છે. શહેરમાં સેક્ટર-૧૩ ખાતે પાણીની નવી પાઈપલાઈન નાંખવા બાબતે સ્થાનિક અગ્રણીઓ દ્વારા કામમાં થઈ રહેલા વિલંબ બાબતે અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો છે.

સેક્ટર-૧૩બી વસાહત મંડળના પ્રમુખ ભરતભાઈ સોનીના જણાવ્યા અનુસાર વોટર સપ્લાય બોર્ડ દ્વારા ૨૪ કલાક પાણી આપવાની યોજના હેઠળ પાઈપલાઈન નાખવાનું કામ નવરાત્રી સમયે શરુ કરવામાં આવ્યું હતું. આ કાર્ય દરમ્યાન પ્લોટ નં. ૮૫૦-૮૫૬ પાસે છેલ્લાં ત્રણેક માસથી ખોદકામ કરીને ખુલ્લી રહેવા દેવાયેલી પાઈપલાઈનના ખાડામાં વહેતા ગંદા પાણીને કારણે આ વિસ્તારના નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા છે અને ખુલ્લાં ખાડા જોખમરૂપ બની રહ્યા છે. આ બાબતે સ્થાનિક વસાહતો દ્વારા પાણી-ગટરની સંલગ્ન કચેરીઓમાં ફરિયાદ કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. કાર્યના શરૂઆતમાં જ આ પ્રકારની સમસ્યા ઉભી થતાં તે સમયે સરકારના મંત્રી ઋષિકેશભાઈ પટેલ અને મેયર હિતેશભાઈ મકવાણા વગેરેએ પણ મુલાકાત લઈ જવાબદાર અધિકારીઓને સ્થળ ઉપર બોલાવી સૂચના આપી હોવા છતાં આ કામ હજુ સુધી પૂરું થયું નથી. આ બાબતે સ્થાનિક વસાહતો દ્વારા પાણી-ગટરની સંલગ્ન કચેરીઓમાં ફરિયાદ કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી અને આ કચેરીઓ દ્વારા અધૂરું રહેલું કામ પૂરું કરવા બાબતે એકબીજાને માથે દોષારોપણ કરવામાં આવી રહ્યું છે. સત્વરે આ પાઈપલાઈનનું કામકાજ પૂર્ણ કરવામાં આવે તેવી સેક્ટરના વસાહતીઓ દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

# સે. ૫એ ખાતે બંધ સ્ટ્રીટલાઈટોને કારણે વસાહતીઓને હાલાકી

**રજૂઆતો કરવા છતાં કોઈ સંતોષકારક ઉકેલ આવતો નહીં હોવાની રાવ**

ગાંધીનગર તા.૧૫

અત્યાર શહેરમાં શિયાળાની ઋતુ ચાલી રહી છે અને આ મોસમમાં રાત્રિના સમયે સેક્ટરોમાં સુનકાર છવાઈ જાય છે. આવા સમયે જ્યારે સેક્ટરમાં સ્ટ્રીટ લાઈટ બંધ હોય ત્યારે વસાહતીઓ માટે પરેશાનીરૂપ સમસ્યા બને છે અન અસામાજિક તત્વો માટે મોકળું મેદાન મળી જાય છે જેના કારણે નાની મોટી ચોરી ચકારી વગેરેનું પણ જોખમ રહે છે. શહેરના સેક્ટર ૫ એમાં છેલ્લાં એક અઠવાડિયાથી કેટલીક સ્ટ્રીટ લાઈટ બંધ છે જે અંગે સ્થાનિકો દ્વારા જવાબદાર તંત્રને રજૂઆત કરવા છતાં તેનો કોઈ ઉકેલ આવતો નથી. શહેરમાં ભરચક વસ્તી ધરાવતા સેક્ટર-૫એ ખાતે બંધ લાઈટ સ્ટ્રીટ લાઈટની સમસ્યા સ્થાનિકો માટે માથાનો દુઃખાવો બની છે. સ્થાનિક અગ્રણી વસાહતીના જણાવ્યા અનુસાર સેક્ટર-૫એમાં પ્લોટ નંબર ૨૬૫/૨, ૨૭૦/૧, ૨, ૨૭૧/૧.૨, ૩૦૨/૧.૨, ૩૦૩/૧.૨ વગેરે નજીક સ્ટ્રીટ લાઈટ બંધ હોવાની સમસ્યા સતાવી રહી છે. આ વિસ્તારના વીજપોલ નંબર ૫૬ અને ૦૫૭ વગેરેની લાઈટો આશરે એક સપ્તાહથી બંધ છે અને જે અંગે જવાબદાર તંત્ર સમક્ષ અનેક રજૂઆતો કરવામાં આવી છતાં કોઈ સંતોષકારક ઉકેલ આવતો નથી જેના કારણે સ્થાનિક વસાહતીઓ પરેશાનીનો ભોગ બની રહ્યા છે. શિયાળાની સાંજના સમયે અંધકારનું સામ્રાજ્ય છવાઈ જવાને કારણે નોકરી, ધંધા-વ્યવસાયથી પરત ફરી રહેલા નાગરિકો તેમજ મહિલાઓ અને અપડાઉન કરતા વિદ્યાર્થીઓ માટે પણ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સત્વરે સેક્ટરમાં બંધ સ્ટ્રીટ લાઈટો અંગે જરૂરી કાર્યવાહી કરી તેને પુનઃ કાર્યરત કરાય તેવી સ્થાનિક વસાહતીઓમાં માંગ ઉઠવા પામી છે.



ગાંધીનગર ઉત્તર વિધાનસભાના સોનીપુર ખાતે ગાંધીનગર (ઉ) ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા નવીન બોરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# શહેરમાં નવી પાઈપલાઈનો માટેના ખોદકામો વેગવંતા બન્યા

**વસ્તીનું ભારણ વધ્યું છે તેને ધ્યાને રાખી નવી પાઈપલાઈનો નંખાઈ રહી છે : શહેરીજનોને ૨૪ કલાક પાણી મળી રહે તેવો તંત્રનો પ્રયાસ છે**

ગાંધીનગર, તા. ૧૫

વધતી જતી વસ્તીના ભારણને ધ્યાને રાખી શહેરમાં ઠેર ઠેર નવી પાઈપલાઈનો નાખવા માટે ખોદકામ થઈ રહ્યા છે. જેમાં ગટરલાઈનો ૪૦ વર્ષથી પણ વધુ જૂની થઈ ગઈ છે. ૨૪X૭ મહત્વકાંક્ષી પ્રોજેકટ પેયજળ અને ગટરલાઈનના પ્રોજેક્ટને લઈ ૨૦૦ કરોડ કરતા પણ વધારે ખર્ચ કરવામાં આવ્યો છે. ૪૫ કિ.મી.થી વધુનું નેટવર્ક શહેરમાં ઉભુ કરાશે અને નવી પાઈપલાઈનો નાંખવામાં આવશે.

શહેરમાં માર્ગોની આસપાસ હાલમાં દસ-દસ ફૂટના ખાડાઓ જોવા મળી રહ્યા છે. જેમાં પાઈપલાઈનો નાંખવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીને કારણે શહેરીજનોને હાલાકી પડી રહી છે. શહેરમાં ધીમે ધીમે વસ્તી વધી રહી છે તેમ તેમ શહેરનો વિકાસ વધી રહ્યો છે. શહેરીજનોને ગટર-પાણીની સમસ્યાઓમાંથી છૂટકારો મળી રહે તે માટે તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. ચૂંટણી થયા બાદ આ કામગીરી પૂરજોશમાં થઈ રહી છે. શહેરીજનોને ચોમાસા પહેલા આ દસ ફૂટના ખાડાઓ જોવા ન મળે તે માટે અત્યારથી જ પૂરજોશમાં કામગીરી થઈ રહી છે. પરંતુ માર્ગોની આસપાસ થઈ રહેલી આ કામગીરીને કારણે લોકોને ચોમાસામાં હેરાનગતિ થશે જ. કારણ કે માટીના પુરાણ થયા બાદ ચોમાસામાં તે માટી દબાઈ જાય છે અને ફરીથી ખાડા જ થઈ જાય છે. વાહનોને માર્ગોની આસપાસથી પસાર થવું અઘરૂ રહેશે. યોગ્ય રીતે પુરાણ કામગીરી ન થવાથી ઘણી જગ્યાઓ પર ખાડાઓ જોવા મળી રહ્યા છે.

જેમાં અબોલ જીવો પડી જતા ઈજાઓ પહોંચી રહી છે. વિકાસલક્ષી કામોમાં બેદરકારી થતા લોકોને હાલાકી ભોગવવાનો વારો આવે છે.



શિક્ષણમંત્રી અને આદિજાતિ વિકાસ મંત્રી કુબેરભાઈ ડિંડોરે પોતાના વિભાગનો ચાર્જ સંભાળ્યો હતો. પૂર્વ શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# આજથી સૂર્યનો ધન રાશિમાં પ્રવેશ

**સૂર્યની અસર દેશની આર્થિક અને રાજકીય સ્થિતિ પર પડશે : સાથે જ બધી રાશિના જાતકો પણ પ્રભાવિત થશે**

ગાંધીનગર, તા. ૧૫

તારીખ ૧૬મી ડિસેમ્બરથી સૂર્ય ધન રાશિમાં પ્રવેશ કરી રહ્યો છે. જેથી કમુરતા ધનારક શરૂ. જ્યોતિષાચાર્ય વિષ્ણુભાઈ વૈષ્ણવના જણાવ્યા મુજબ સામાન્ય રીતે સૂર્ય દરેક રાશિમાં એક માસ જેટલો સમય રહે તેને સંક્રાંતિ સમય ગણાય છે. તા. ૧૬મીને શુક્રવારે સૂર્યનો ૯.૫૯ કલાકે ધન રાશિમાં પ્રવેશ થાય છે. જેને શાસ્ત્રોક્ત ધનારક સમય ગણવામાં આવે છે. શનિ મકરમાં છે. વધુમાં શનિ હાલ મકર રાશિમાં હોઈ સૂર્ય-શનિ એકબીજાથી ૨-૧૨ સ્થાને આવશે. જો એક માસનો સમય અશુભ સમય ગણાશે. કારણ કે આ ગ્રહ સ્થિતિ અશુભ મનાશે. ધનારક શરૂ થશે જેથી શુભ કાર્યો બાધિત છે. તેમજ સૂર્ય અને શનિની દ્વિદ્વાદશ સ્થિતિ થાય છે. આ સમય જ્યોતિષશાસ્ત્ર મુજબ અશુભ સમય ગણાય છે. જે ૧૪ જાન્યુઆરી સુધી ગણાશે. ૧૪મી જાન્યુઆરીએ સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ થશે જેને મકર સંક્રાંતિ કહીએ છીએ.



## સિંહ અને મીન રાશિ માટે શુભ સમય

આ સમયમાં સિંહ અને મીન રાશિ માટે શુભ સમય ગણી શકાય. ઉપરોક્ત રાશિ સિવાય અન્ય રાશિઓ માટે સામાન્ય સમય પસાર થશે. જેમાં તેઓના અધૂરા રહેલ કાર્ય પૂર્ણ થાય, દુશ્મનોથી વિજય થાય. અગાઉની ઉઘરાણી હોય તો પુરી થાય.

વૃષભ-મિથુન-કન્યા-મકર રાશિના જાતકો માટે આ માસનો સમય અશુભ છે. આવા જાતકોને આ માસ ૧૬ ડિસે.થી ૧૪ જાન્યુ. સુધી ધનહાનિ થવાની સંભાવના રહેશે. વાદ-વિવાદ થાય. ધન હાનિ થાય. કોઈને ઉધાર નાણાં ન આપવા નહિ તો નાણાં પાછા ન આવે અને ધનહાનિ થશે. દોડધામ રહેશે.

૧, ૪, ૭, ૮, ૯, ૧૧ રાશિવાળા જાતકને તણાવ રહેશે. દોડભાગ થાય. યાત્રા પ્રવાસ થાય અને પ્રોપર્ટીમાં વિચારીને નિર્ણય લેવો. સામાન્ય રીતે મિશ્ર સમય પસાર થાય.

આ સમય દરમ્યાન માંગલિક કાર્યો કરવામાં આવતા નથી. કારણ કે સૂર્ય ગુરૂની ધનરાશિમાં આવશે સાથે સાથે સૂર્યથી બીજા સ્થાનમાં શનિ રહેશે અને શનિથી સૂર્ય બારમા સ્થાને જણાશે. આથી અશુભત્વમાં વધારો થશે. રાજકીય ક્ષેત્રે મોટી ઉથલપાથલ થાય અને મોટા નેતાનું નિધન થાય. કુદરતી આફતો ઉભી થઈ શકે છે.

## અશુભ યોગની અશુભ અસરો

તારીખ ૧૬ ડિસેમ્બરથી એક માસ અરાજકતાનું વાતાવરણ રહેવાની સંભાવના છે. રાજનૈતિક અને આર્થિક ઉતાર-ચઢાવ રહેવાની સંભાવના છે. વાતાવરણમાં એકાએક ફેરફાર થવાની સંભાવના રહેશે. દેશ-દુનિયામાં ઉથલપાથલ રહેશે અને અનિચ્છનીય બનાવો બનવાની સક્યતા છે. કેટલાક સ્થળે વરસાદ તો કેટલાક સ્થળે ખૂબ જ ઠંડી અને બરફ પડવાની સંભાવના છે. આ સમય રાજકારણની દૃષ્ટિએ જોતાં વહિવટી નિર્ણયોથી વિવાદ ઉભો થશે. ખાસ કરીને વૃષભ, મિથુન, કન્યા અને મકર રાશિના જાતકોને અશુભ અસર થશે.

# ફિલ્મ સંગીત ક્ષેત્ર માં મહારાજા દ્વારા વિશ્વ રેકોર્ડ



ગાંધીનગર, તા. ૧૫

તાજેતરમાં મહારાજા નૌશિવ વર્માએ "એક ફીચર ફિલ્મમાં સંગીતની મહત્તમ શૈલીઓ" માટે સંગીત શ્રેણીમાં એક અને એકમાત્ર વિશ્વ રેકોર્ડ ધારક તરીકે નોંધાયેલ વર્લ્ડ રેકોર્ડ મેળવ્યો. મહારાજા નૌશિવ વર્મા હવે વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયા, હાર્વર્ડ વર્લ્ડ રેકોર્ડ્સ,લન્ડન, યુકે, અને ઈન્ડિયાઝ વર્લ્ડ રેકોર્ડ વગેરેમાં વર્લ્ડ રેકોર્ડ ધારક તરીકે પ્રમાણિત છે. તાજેતરમાં વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયા ના પ્રેસિડેન્ટ શ્રી પાવન સોલંકી દ્વારા મહારાજા ને પુરસ્કાર આપવો મા આવ્યો હતો. મહારાજા એક ઈન્ટરનેશનલ વેવો આર્ટિસ્ટ છે જેમને પોતાની કારકિર્દીની શરૂઆત આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર પોતાના આલ્બમ્સ દ્વારા ૨૦૧૯માં રેપર, સિંગર તથા મ્યુઝિક ડિરેક્ટર તરીકે કરેલી. એક સ્વતંત્ર કલાકાર, નૌશિવ વર્મા, જેને સ્ટેજ નેમ "મહારાજા" તરીકે ઓળખવામાં આવે છે, ૨૬મી ઑગસ્ટ ૨૦૨૨ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થયેલી બહુભાષી ફીચર ફિલ્મ "તલ્લિકા" માટે સંગીતની સૌથી વધુ વિવિધ શૈલીઓ બનાવીને વિશ્વ વિક્રમ સ્થાપ્યો છે. ફિલ્મ તલ્લીકા ના પ્રોડ્યુસર શ્રી ગુણવંત જાની(નટશિલ્પ પ્રોડ્કશન્સ) તથા ફિલ્મ નુ દિગ્દર્શન મિતાલી જાની દ્વારા કરવા મા આવ્યુ હતુ ફિલ્મ ના સંગીત માં તેમના સહભાગી કલાકારો તરીકે, ગાયક રાધિકા પરીખ, ગ્રેતા મોરોની, નેહા ભટ્ટી, મિતાલી જાની, પાયલ વખારીયા, નરેન્દ્ર જોશી, ડિમ્પલ ઉપાધ્યાય અને યશ ત્રિવેદી એ કામ કર્યું આ ફિલ્મ ના ગીતો, તલ્લીકા હૉરર થીમ, ભુતો કી રાની, સખી રે, પ્રેમ છે, તલ્લીકા આયી સે, ટ્વિન્જ ઓફ તલ્લીકા,જેમાં ઈન્ડિયન ક્લાસીકલ, વેસ્ટર્ન ક્લાસીકલ ઓપેરા, પૉપ મ્યુઝિક, ઈન્ડિયન ફોલ્ક, હૉરર મ્યુઝિક, રેગેટોન, સૉઉલ મ્યુઝિક અને ઈઝી લિસનીંગ વગેરે શૈલીઓનો સમાવેશ કરવા માં આવ્યો છે.

# મુક-બધિર બાળકો માટે અદ્યતન સાઉન્ડ પ્રુફ ઓડિયોલોજી રૂમનું લોકાર્પણ



ગાંધીનગર, તા. ૧૫

સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મુક-બધિર શિશુ વિદ્યામંદિર દ્વારા કલ્પતરૂ સંકુલ ફાઉન્ડેશનના સહયોગથી ૧૫મી તારીખના રોજ શાળા સંકુલ તથા અદ્યતન ઓડિયોમેટ્રી રૂમના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. જે સેક્ટર-૨૮ ખાતે સવારે ૧૦.૪૫ કલાકે કાર્યક્રમની શુભ શરૂઆત થઈ હતી. લોકાર્પણ ઉપરાંત મુક-બધિર વયસ્ક યુવક-યુવતિઓના પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળા સંકુલ તથા અદ્યતન સાઉન્ડ પ્રુફ ઓડીયોલોજી રૂમનું ઉદ્‌ઘાટન કમલ કિશોર જૈન (ડાયરેક્ટર, કલ્પતરૂ પાવર સ્ટેશન), રીટાબેન પટેલ (ધારાસભ્ય, ગાંધીનગર), કૃષ્ણકાન્ત જહા તંત્રી, ગાંધીનગર સમાચાર) દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વત્રી નિષીત વ્યાસ અંકીત બારોટ સોનાલી પટેલ દિપીકા સોંલકી વૈભવ જાની રાજુ પંચોલી શહીત અગેવાનો ઉપરસ્તિ રહ્યા હતા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# સે. ૧૭ના એક્ઝિબીશન સેન્ટર ખાતે "ખાદ્ય ખોરાક-૨૦૨૨"નો પ્રારંભ

**ત્રણ દિવસ ચાલનારા આ પ્રદર્શનમાં ૧૦ હજારથી વધુ પ્રોડક્ટ્સ સાથે દેશ-વિદેશના ૧૨૦૦ જેટલાં સ્ટોલ્સ : આધુનિક ફૂડ ટેકનોલોજી અને પ્રોડક્ટ્સ એક સાથે નિહાળવાની તક**











ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના સેક્ટર-૧૭ ખાતેના એક્ઝિબીશન સેન્ટર ખાતે આજથી "ખાદ્ય ખોરા-૨૦૨૨" પ્રદર્શનનો પ્રારંભ થયો છે. આજે સવારે પ્રારંભ પામેલા આ પ્રદર્શનમાં ૧૦ હજાર ઉપરાંત પ્રોડક્ટસ સાથે દેશ-વિદેશના ૧૨૦૦થી વધુ ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી તેમજ ફુડ પ્રોડેક્ટના સ્ટોલ પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. તા. ૧૫ થી તા. ૧૮મી ડિસેમ્બર સુધી ચાલનારા ખાદ્ય ખોરાક-૨૦૨૨ પ્રદર્શન થકી આશરે એક લાખ જેટલી નવી રોજગારી ઉભી કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેમાં ૫૦ હજારથી વધુ સ્વરોજગાર સ્થાપવાની તકો પણ ઉભી કરવા પ્રયાસ કરાશે.

વાનગી બનાવતા અને પિરસતા વિવિધ રોબોટ્સ 'ખાદ્ય ખોરાક-૨૦૨૨' પ્રદર્શનમાં પ્રદર્શીત થશે. ભારતીય પરંપરાગત વ્યંજનોના મશીન જેમ કે ચીકી મશીન, પાણીપુરી મશીન, ઈડલી મશીન, ઢોકલા મશીન, ફાફડા મશીન, ખીચડી મશીન, બાસુંદી મશીન, મિઠાઈ મશીન, રોટલી મશીન, ચા બનાવવાનું મશીન, રસગુલ્લા મશીન, તેલ કાઢવાનું મશીન, ટીપીસી વેલ્યુ ઘટાડવા માઈક્રો આઈલ ફિલ્ટ્રેશન પ્લાન્ટ, મોડીફાઈડ એટમોસફીયરીક પેકેજીંગ તેમજ મીની ડિહાઈડ્રેશન પ્લાન્ટ ખાદ્ય ખોરાક-૨૦૨૨ પ્રદર્શનનું આકર્ષણ રહેશે. ભારતના ભવ્ય પ્રદર્શન એવા ખાદ્ય ખોરાક ૨૦૨૨માં સંપૂર્ણ ફુડ ટેકનોલોજી તેમજ ફૂડ પ્રોડક્ટ્સ એકજ સ્થળે નિહાળવાની તક ઉત્પાદકોને અને વેપારી મિત્રોને મળશે. સાથોસાથ મિઠાઈ, ફરસાણ, હોટેલ, ડેરી, જ્યુસ પાર્લર, બેકરી, કેટરર્સ, આઈસક્રીમ, બેવરેજીસ, સોડા, ફ્રોઝન ફુડઝ, કેન્ટીન ઈક્વીપમેન્ટ્સ, ઓર્ગેનીક ફુડ, હેલ્થ ફુડ, ઈન્ગ્રેડીયન્ટસ તેમજ ફુડ એડીટીવઝ, મસાલા ઉદ્યોગ તામજ નાના મોટા ફુડ પ્રોસેસીંગના ઉદ્યોગોને ઉપયોગી થાય તેવી વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી છે. આ પ્રદર્શનમાં ખૂબ ઓછા મૂડીરોકાણથી ખાદ્ય ઉદ્યોગ સ્થાપવાની તેમજ ખૂબ મોટા ખાદ્ય ઉદ્યોગ સ્થાપવા માટેની જાણકારી મળશે. ગૃહ ઉદ્યોગ, મધ્યમ ઉદ્યોગ તેમજ મોટા ઉદ્યોગો સ્થાપવાની સુવર્ણ તક આ પ્રદર્શન દ્વારા મળશે. પોતાના ખાદ્ય ઉદ્યોગને અપગ્રેડ કરવા તેમજ નવા ઉદ્યોગકારોને આ ક્ષેત્રમાં આવવા માટેની સંપૂર્ણ માહિતી આ પ્રદર્શન દ્વારા મળશે. ખાદ્ય ઉત્પાદક, ટ્રેડર્સ, સપ્લાયર્સ, એક્સપોર્ટર, ઈમ્પોર્ટર તેમજ ખાદ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ માટે અનેક નવી પ્રોડક્ટ્સ તેમજ મશીનરી જોવા મળી રહી છે.

પ્રદર્શનમાં ફુડ પ્રોસેસીંગ મશીનરી અને સાધનો, ડેરી મશીનરી, આઈસ્ક્રીમ પ્લાન્ટ, કેન્ટીન ઈક્વીપમેન્ટ્સ, સ્વીટ અને નમકીન પ્લાન્ટ, બેવરેજીસ, સોફ્ટ ડ્રિંક્સ પ્લાન્ટ, કેટરીંગ ઈક્વીપમેન્ટ્સ, બેકરી પ્રોસેસીંગ મશીનરી, હોટેલ-કીચન, ઈક્વીપમેન્ટ, હોટેલ એસસરીઝ, સ્ટોરેજ સોલ્યુશન, રેફરીજરેશન અને ઈક્વીપમેન્ટ, વ્રેપીંગ મશીન્સ, ઓટોમેશન તેમજ કલર્સ, ફ્લેવર્સ, ચોકલેટ, સ્ટેબીલાઈઝર વગેરે વિવિધ પ્રકારની ફુડ એડીટીવઝ તેમજ મસાલા, ડિહાઈડ્રેટેડ પ્રોડક્ટ્સ વગેરે પ્રદર્શિત કરવામાં આવી છે.